# વાઘબકરી ટી જૂથને ફેમિલી બિઝનેસ એવોર્ડ એનાયત થયો

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

---

વાઘબકરી ગ્રુપને તાજેતરમાં નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ તથા વડાપ્રધાનના હસ્તે ફેમિલિ બિઝનેસ એવોર્ડ મળ્યો હતો. જેમાં ચેરમેન પિયુષ દેસાઈ, એક્ઝિક્યુટિવ પરાગ દેસાઈ અને પારસ દેસાઈએ આ એવોર્ડ સ્વીકાર્યો હતો. આ અંગે પત્રકારો સાથે વાત કરતાં પરાગ દેસાઈએ જણાવ્યું કે, વાઘબકરી ગ્રુપનું ટર્નઓવર એક હજાર કરોડને ક્રોસ થઈ ચુક્યું છે. ગ્રુપ ગુણવત્તાને વધુને વધુ પ્રાધાન્ય આપી રહ્યું છે. ચા ઉદ્યોગે જીએસટીના અમલને આવકાર્યો છે. જોકે ચાની કિંમત ઉપર જીએસટીની અસર કેવી રહેશે તે આવનારો સમય બતાવશે.વધુને વધુ લોકો સુધી પહોંચવા માટે વાઘબકરી ગ્રુપે ટી લોન્જ શરૂ કર્યા છે. અત્યારે દેશમાં કુલ 9 જેટલા ટી લોન્જ શરૂ કર્યા છે જેમાં કુલ 45થી વધુ વેરાયટીની ચા મળે છે. અમદાવાદમાં એક ટી લોન્જ શરૂ કરી છે.